વિભાગ : ૩

# સંસારી જીવોના ભેદ

સંસારી જીવોના જુદી જુદી અપેક્ષાએ જુદા જુદા ભેદ જોવા મળે છે.

૧. સ્વભાવ અપેક્ષાએ બધાં સંસારી જીવો **એક** જ પરમાત્મસ્વભાવે છે.

૨. મોક્ષદશાની યોગ્યતાના આધારે સંસારી જીવો **બે** પ્રકારે છે.

૧. ભવ્ય અને ૨. અભવ્ય

૩. મોક્ષમાર્ગ સંબંધી સ્થિતિના આધારે સંસારી જીવો **ત્રણ** પ્રકારે છે.

૧. બહિરાત્મા, ૨. અંતરાત્મા અને ૩. પરમાત્મા.

૪. ગતિ અપેક્ષાએ સંસારી જીવોના **ચાર** પ્રકાર છે.

૧. નારકી, ૨. દેવ, ૩. મનુષ્ય અને ૪. તિર્યંચ

૫. શરીરની અપેક્ષાએ સંસારી જીવો **પાંચ** પ્રકાર પૈકીના શરીર ધરાવતા હોય છે.

૧. ઔદારિક, ૨. વૈક્રિયિક, ૩. આહારક, ૪. તૈજસ અને ૫. કાર્માણ.

૬. શરીરની જાતિ અપેક્ષાએ સંસારી જીવો **છ** પ્રકારના છે.

૧. પૃથ્વીકાય, ૨ જલકાય, ૩. વાયુકાય, ૪. અગ્નિકાય, ૫. વનસ્પતિકાય અને ૬. ત્રસકાય (માંસલ શરીરને ત્રસકાય કહે છે).

ઉપર મુજબ અનેક અપેક્ષાએ સંસારી જીવોના અનેક ભેદ સંભવે છે. પરંતુ સંસારી જીવોની સર્વાંગી અને સંપૂર્ણ માહિતિ આપતા તેમ જ સંસારદુ:ખના વર્ગીકરણ માટે અનુકૂળ ભેદ જીવસમાસ અને નામકર્મની અપેક્ષાના છે. તેથી આ વિભાગમાં સંસારી જીવોના **જીવસમાસ** અને **નામકર્મ**ની અપેક્ષાના ભેદ સમજાવતા ત્રણ પ્રકરણ આપવામાં આવે છે.


# પ્રકરણ : ૬ જીવ સમાસ

**પ્રકરણની રૂપરેખા**

| | |
|---|---|
| ✪ પ્રાસ્તાવિક | ૫. શ્રોત્રેન્દ્રિય |
| જીવ સમાસ | ૬. મન |
| ઇન્દ્રિય | ✪ ઇન્દ્રિયની અંચલિકા |
| ૧. સ્પર્શેન્દ્રિય | પર્યાપ્તિ |
| ૨. રસનેન્દ્રિય | ✪ પર્યાપ્તિની અંચલિકા |
| ૩. ઘ્રાણેન્દ્રિય | ચૌદ જીવ સમાસ |
| ૪. ચક્ષુરિન્દ્રિય | ✪ ઉપસંહાર |

(દોહરો)

**એક વિપદને ટાળતાં અન્ય વિપદ બહુ આય;**
**પટિકા જ્યમ ઘટિયંત્રમાં એક જાય બહુ આય.**


સંસારરૂપી ઘટિયંત્રમાં એક વિપત્તિને દૂર કરાય કે તુરત જ બીજી અનેક વિપત્તિઓ હાજર જ હોય છે તે દર્શાવતું ચિત્ર

ભાવાર્થ: સંસાર ઘટિયંત્ર જેવો છે. ઘટિયંત્રને તેની પાટલીઓ ઉપર પગ મૂકીને ગોળ ગોળ ફેરવવામાં આવે છે. પગથી એક પાટલી દૂર કરાય કે બીજી અનેક પાટલીઓ એક પછી એક યંત્ર ચલાવનારની સામે ઉપસ્થિત થાય છે. સંસારરૂપી ઘટિયંત્રમાં એક વિપત્તિને દૂર કરાય કે બીજી અનેક વિપત્તિઓ સંસારી જીવ સમક્ષ હાજર જ હોય છે.

(ઇષ્ટોપદેશ : ગાથા ૧૨)

આ સંસાર વિપત્તિઓથી ભરપૂર છે. તેમાં શારીરિક, માનસિક, આર્થિક, કૌટુંબિક અને સામાજિક જેવી અનેક સમસ્યાઓ કે વિપત્તિઓ છે. તેમાં એકાદ સમસ્યાનું કોઇક સમાધાન કે નિરાકરણ થાય ત્યાં બીજી અનેક સમસ્યાઓ કે વિપત્તિઓ સામે આવીને ઊભી જ હોય છે. તેથી સંસારી જીવ ક્યારેય સમસ્યા વિનાનો હોતો નથી.

સમસ્યા એ સંસારનું જ સ્વરૂપ છે. તેથી સંસાર સમસ્યા વિનાનો હોતો જ નથી અને કદાચિત્ કોઇ સમસ્યા ન હોય તોપણ આ સંસારમાં ક્યાંય સુખ નથી. સંસારી જીવનું સ્વરૂપ જ એવું છે કે તેને દુ:ખ જ ભોગવવાનું હોય છે. સંસારી જીવોના આ દુ:ખનું કારણ મિથ્યાત્વ છે. આ રીતે મિથ્યાત્વ એ જ સંસારી જીવોના સઘળાં દુ:ખોનું મૂળ કારણ છે. આ મિથ્યાત્વ અને તેના કારણે થતા દુ:ખ ટાળવાનો ઉપાય સંસારી જીવની મનુષ્ય પર્યાયમાં હોય છે.

સંસારી જીવોના દુ:ખ અને તે ટાળવાનો ઉપાય વિચારતા પહેલાં સંસારી જીવોના ભેદ જાણવા જરૂરી છે. સંસારી જીવોના જુદી જુદી અપેક્ષાએ જુદા જુદા ભેદ જોવા મળે છે.તે પૈકી સંસારી જીવોના દુ:ખ અને તે ટાળવાનો ઉપાય સમજવા માટે ભેદ મુખ્યત્વે ૧. જીવ સમાસ અને ૨. નામકર્મની અપેક્ષાએ છે.

જીવ સમાસના જ્ઞાન વિના જીવ હિંસાથી બચી શકાતું નથી . જીવ હિંસાથી બચ્યાં વિના અહિંસા ધર્મનું પાલન થઇ શકતું નથી. અહિંસા ધર્મના પાલન વિના સંસાર અને તેના દુ:ખોને દૂર કરી મોક્ષ અને તેના સુખની પ્રાપ્તિ થઇ શકતી નથી. તેથી સંસારી જીવોના દુ:ખો અને તે ટાળવાનો ઉપાય સમજવા માટે સંસારી જીવોના ભેદ સૌ પ્રથમ જીવ સમાસની અપેક્ષાએ સમજવા જરૂરી છે. આ પ્રકરણમાં જીવ સમાસના આધારે થતા સંસારી જીવોના ભેદોને સમજાવવામાં આવે છે.

## જીવ સમાસ


जीवा: समस्यन्ते एष्विति जीवसमासा: ।

**અર્થ :** અનંતાનંત સંસારી જીવ અને તેમના ભેદ-પ્રભેદોનો જેમાં સંગ્રહ કે સમાવેશ થાય છે તેને જીવસમાસ કહે છે. (ધવલ : ૧/૧, ૧,૨/૧૩૧/૨)

સઘળાં સંસારી જીવોનો જેમાં સમાવેશ થાય તેને જીવ સમાસ કહે છે. સઘળાં સંસારી જીવોનો જેમાં સમાવેશ થાય તેવા જીવ સમાસ ચાર પ્રકારે છે– ૧. સ્થાન, ૨. યોનિ, ૩. કુળ અને ૪. અવગાહના. અહીં સ્થાન એટલે રહેઠાણના સ્થાનનો પ્રકાર, યોનિ એટલે ઉત્પત્તિના

સ્થળનો પ્રકાર, કુળ એટલે શરીરના ભેદો અને અવગાહના એટલે શરીરનું કદ છે. આ ચાર પ્રકારના જીવ સમાસ પૈકી સ્થાન અપેક્ષાનો જીવ સમાસ પ્રચલિત અને પ્રસિદ્ધ છે. જુદી જુદી અપેક્ષાએ સંસારી જીવોના રહેવાના સ્થાન અને તેમનાં ભેદો અનેક પ્રકારે સંભવે છે. તેથી સ્થાન અપેક્ષાનો જીવસમાસ પણ અનેક પ્રકારે હોય છે. સ્થાન અપેક્ષાએ જીવ સમાસનું વર્ણન તેના ૧. ચૌદ, ૨. સત્તાવન, ૩. અઠાણું અને ૪. ચારસો ને છ એમ ચાર પ્રકારે છે. આ પૈકી સંક્ષિપ્ત અને સારભૂત વર્ણન તેના ચૌદ પ્રકારે છે. અને તે સંસારી જીવોના દુઃખોના વર્ણન માટે અનુકૂળ આધાર છે. આ ચૌદ જીવ સમાસ સંસારી જીવના રહેઠાણના સ્થાન એવા ઇન્દ્રિયો અને પર્યાપ્તિઓના આધારે માનવામાં આવે છે. ઇન્દ્રિયોના આધારે કુલ ૭ પ્રકારના જીવો હોય છે - ૧. સૂક્ષ્મ એકેન્દ્રિય, ૨. બાદર એકેન્દ્રિય, ૩. દ્વિન્દ્રિય, ૪. ત્રીન્દ્રિય, ૫. ચતુરિન્દ્રિય, ૬. અસંજ્ઞી પંચેન્દ્રિય અને ૭. સંજ્ઞી પંચેન્દ્રિય. આ સાતે પ્રકારના જીવો અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ બંને પ્રકારે હોય છે. આમ આ રીતે ઇન્દ્રિયો અને પર્યાપ્તિ ના આધારે કુલ ચૌદ પ્રકારના સંસારી જીવો હોય છે, તેને ચૌદ જીવસમાસ કહે છે. આ ચૌદ જીવસમાસના આધારભૂત **ઈન્દ્રિય** અને **પર્યાપ્તિની** સમજૂતી નીચે પ્રમાણે છે.

## ઈન્દ્રિય




**સંસારી જીવના પરોક્ષ જ્ઞાનના સાધનને ઈન્દ્રિય કહે છે. ઈન્દ્રિયનો વિષય મૂર્ત પદાર્થ હોય છે.**

છ દ્રવ્યોમાં માત્ર પુદ્ગલ દ્રવ્ય જ મૂર્ત છે અને આ મૂર્ત દ્રવ્ય જ ઇન્દ્રિય ગ્રાહ્ય હોય છે. ઇન્દ્રિય વડે મૂર્ત એવા પૌદ્ગલિક પદાર્થનું જ જાણપણું બને છે. પૌદ્ગલિક પદાર્થની સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ એ પાંચ મુખ્ય અવસ્થાઓ હોય છે. જેને જાણનારી ઇન્દ્રિયો પણ અનુક્રમે પાંચ છે-- ૧. સ્પર્શેન્દ્રિય, ૨. રસનેન્દ્રિય, ૩. ઘ્રાણેન્દ્રિય, ૪. ચક્ષુઇન્દ્રિય અને ૫. શ્રોત્રેન્દ્રિય. આ પાંચ ઇન્દ્રિય વડે જાણેલ બાબતની વધુ તર્કણા વિચારણા અને વિવેક કરવાનું કામ મન દ્વારા થાય છે. તેથી મનને છઠ્ઠી ઇન્દ્રિય તરીકે સ્વીકારવામાં આવે છે. આ પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનનું સ્વરૂપ નીચે મુજબ છે.

### ૧. સ્પર્શેન્દ્રિય



**જે ઈન્દ્રિય દ્વારા પુદ્ગલ દ્રવ્યના સ્પર્શગુણની અવસ્થાને જાણી શકાય તેને સ્પર્શેન્દ્રિય કહે છે.**

સંસારી જીવની શરીર ઉપરની ચામડી તે સ્પર્શેન્દ્રિય છે. ચામડી સમગ્ર શરીરમાં હોય છે તેથી સ્પર્શેન્દ્રિયનું સ્થાન સમગ્ર શરીર છે. સમગ્ર શરીર પ્રમાણ સ્પર્શેન્દ્રિય અબરખના પડ જેવી હોય છે. સ્પર્શેન્દ્રિય દ્વારા જીવ પૌદ્ગલિક સ્પર્શગુણની અવસ્થાનો બોધ પામે છે.

પૌદ્ગલિક સ્પર્શ ગુણની ૧. શીત કે ઉષ્ણ, ૨. સ્નિગ્ધ કે રુક્ષ, ૩. લઘુ કે ગુરુ અને ૪. કોમલ કે કઠોર એ ચાર યુગલરૂપ કુલ આઠ અવસ્થાઓ હોય છે.

અહીં શીત એટલે બરફ જેવી ઠંડી, ઉષ્ણ એટલે અગ્નિ જેવી ગરમ, સ્નિગ્ધ એટલે દિવેલ જેવી ચીકણી, રુક્ષ એટલે રાખ જેવી લૂખી, લઘુ એટલે રૂ જેવી હલકી, ગુરુ એટલે લોખંડ જેવી ભારે, કોમલ એટલે માખણ જેવી સુંવાળી અને કઠોર એટલે કરવત જેવી ખરબચડી અવસ્થા છે. આઠ અવસ્થાઓ ચાર યુગલપણે હોવાને કારણે એક પુદ્ગલ દ્રવ્યનાં સ્પર્શની એક સાથે ચાર અવસ્થા હોય છે. જેમ કે – કોઇ પુદ્ગલ દ્રવ્ય શીત હોય, સ્નિગ્ધ હોય, ગુરુ અને કોમળ પણ હોય એમ ચાર પ્રકારે હોય છે.

સ્પર્શેન્દ્રિય સમગ્ર શરીર પ્રમાણ સૌથી વધુ વિશાળ હોય તેવી ઇન્દ્રિય છે અને આ સ્પર્શેન્દ્રિયને જીતવી પણ સૌથી વધુ દુષ્કર છે. જે બ્રહ્મ એટલે કે આત્મા અને ચર્ય એટલે કે રમણતા કરે અર્થાત્ આત્માનો અનુભવ કરી શકે તે જ સ્પર્શેન્દ્રિયને સાચી રીતે જીતી શકે છે. તેથી જ સ્પર્શેન્દ્રિયને જીતનારાને બ્રહ્મચારી કહેવાય છે.

### ૨. રસનેન્દ્રિય



**જે ઈન્દ્રિય દ્વારા પુદ્ગલ દ્રવ્યના રસગુણની અવસ્થાને જાણી શકાય તેને રસનેન્દ્રિય કહે છે.**

રસનેન્દ્રિયનું સ્થાન મુખની અંદર આવેલી જીભ છે. તે ઘાસ ઉખેડવાની ખૂરપીના આકારની હોય છે.

પૌદ્ગલિક રસગુણની ૧. તિક્ત, ૨. કટુક, ૩. કષાય, ૪. આમ્લ, અને ૫. મધુર એવી પાંચ પ્રકારની અવસ્થા છે અહીં તિક્ત એટલે મરી જેવી તીખી, કટુક એટલે કરિયાતા જેવી કડવી, કષાય એટલે હરડે જેવી તૂરી, આમ્લ એટલે લીંબુ જેવી ખાટી અને મધુર એટલે સાકર જેવી મીઠી અવસ્થા હોય છે. કોઇ એક કાળે એક પુદ્ગલ દ્રવ્યની કોઇ એક રસની પર્યાય અવશ્ય હોય છે. દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને લવણ એ છ પ્રકારના આહારના સ્વાદને પણ છ પ્રકારના રસ કહે છે. આ છ પૈકી કોઇ પ્રકારના સ્વાદના ત્યાગને રસપરિત્યાગ નામનું તપ કહે છે.

સંયમ દશા માટે રસનેન્દ્રિયને જીતવી જરૂરી છે. મૂલાચાર ગાથા ૩૮૮-૩૮૯માં કહ્યું છે કે હાડકા વગરની ચાર આંગળ પ્રમાણ રસનેન્દ્રિય (જીભ) અને ચાર આંગળ પ્રમાણ ઉપસ્થઈન્દ્રિય (જનનેન્દ્રિય) આ બે ઈન્દ્રિયના કુલ આઠ આંગળના દોષથી જ આ જીવ સંસારના દુ:ખોને ભોગવે છે. તેથી આ બે ઈન્દ્રિયોને જીતનારો જ જિતેન્દ્રિય કહેવાય છે. આવો જિતેન્દ્રિય જીવ સંયમદશા વડે મોક્ષમાર્ગમાં આગળ વધી મોક્ષને પ્રાપ્ત કરે છે.

### ૩. ઘ્રાણેન્દ્રિય



**જે ઈન્દ્રિય દ્વારા પુદ્ગલ દ્રવ્યનાં ગંધગુણની અવસ્થાને જાણી શકાય તેને ઘ્રાણેન્દ્રિય કહે છે.**

પૌદ્ગલિક ગંધ ગુણની ઘણા પ્રકારની અવસ્થા હોય છે. તેને ૧. સુરભિ અને ૨. દુરભિ એમ બે પ્રકારમાં દર્શાવવામાં આવે છે. અહીં સુરભિ એટલે કસ્તુરી જેવી સુગંધ અને દુરભિ એટલે લસણ જેવી દુર્ગંધ છે. કોઇપણ પૌદ્ગલિક પદાર્થની કોઇપણ પ્રકારની ગંધ અવશ્ય હોય છે તેથી કોઇપણ પૌદ્ગલિક પદાર્થ ગંધ વગરનો ક્યારેય હોતો નથી. પણ મનુષ્યની ઘ્રાણેન્દ્રિય દરેક પદાર્થની ગંધ પારખી શકતી નથી. કૂતરાની ઘ્રાણેન્દ્રિય મનુષ્ય કરતાં લગભગ એક હજાર ગણી વધુ સતેજ છે. તેથી સામાન્ય માણસને જેમાં ગંધ જણાતી નથી તેવા મનુષ્યના પગલાંની ગંધ કૂતરો પારખી શકે છે અને તેના આધારે કેળવાયેલો કૂતરો ચોરના પગલા સૂંઘીને ચોર જે દિશામાં ગયો હોય ત્યાં જઇને ચોરને પકડી શકે છે.

### ૪. ચક્ષુઈન્દ્રિય



**જે ઈન્દ્રિય દ્વારા પુદ્ગલ દ્રવ્યનાં વર્ણગુણની અવસ્થાને જાણી શકાય તેને ચક્ષુઈન્દ્રિય કહે છે.**

ચક્ષુઇન્દ્રિયનું સ્થાન આંખની કીકીની અંદરનો ભાગ છે. તેનો આકાર ચંદ્ર જેવો હોય છે. તે દ્વારા જીવ પાંચ પ્રકારના વર્ણનો અનુભવ કરે છે.

પૌદ્ગલિક વર્ણગુણની પાંચ મુખ્ય અવસ્થાઓ છે-- ૧. કૃષ્ણ ૨. નીલ ૩. રુધિર ૪. હારિદ્ર અને ૫. શ્વેત. અહીં કૃષ્ણ એટલે કાજળ જેવો કાળો, નીલ એટલે મોરપીંછ જેવો વાદળી, રુધિર એટલે મજીઠ જેવો લાલ, હારિદ્ર એટલે હળદર જેવો પીળો અને શ્વેત એટલે શંખ જેવો સફેદ વર્ણ છે.

લાલ, પીળા અને વાદળી વર્ણની મેળવણીથી બીજા અનેક વર્ણ હોય છે. પૌદ્ગલિક પદાર્થનો કોઇ ને કોઇ વર્ણ હોય છે અને તેને ચક્ષુઈન્દ્રિયથી જાણી શકાય છે. ચક્ષુઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય અહીંથી સૂર્યના વિમાનમાં રહેલા શાશ્વત જિનમંદિર અને તેના શાશ્વત જિનબિંબને જોઇ શકવાનો છે, જે ચક્રવર્તીની ચક્ષુઇન્દ્રિયમાં હોય છે.

### ૫. શ્રોત્રેન્દ્રિય



**જે ઈન્દ્રિય દ્વારા પુદ્ગલ દ્રવ્યની ભાષા વર્ગણાનો અવાજ, ધ્વનિ કે નાદરૂપ શબ્દ અવસ્થાનો બોધ થાય છે, તેને શ્રોત્રેન્દ્રિય કહે છે.**

શ્રોત્રેન્દ્રિયનું સ્થાન કાનની અંદરનો નળી આકારનો ભાગ છે. શ્રોત્રેન્દ્રિય દ્વારા સાંભળવામાં આવતા શબ્દો એ ભાષા વર્ગણાની અવસ્થા છે.

શબ્દ બે પ્રકારના હોય છે ૧. **ભાષાત્મક** અને ૨. **અભાષાત્મક.**

**૧. ભાષાત્મક શબ્દ : જે સજીવ પદાર્થ દ્વારા ઉત્પન્ન થાય તેને ભાષાત્મક શબ્દ કહે છે.**

ભાષાત્મક શબ્દથી બોલચાલનો વ્યવહાર થઇ શકે છે અને સામાન્ય રીતે તે સંસારી જીવના મુખમાંથી ઉત્પન્ન થાય છે. ભાષાત્મક શબ્દ બે પ્રકારના હોય છે– ૧.૧ અક્ષરાત્મક અને ૧.૨ અનક્ષરાત્મક.

**૧.૧. અક્ષરાત્મક શબ્દ : જે ભાષાત્મક શબ્દ અર્થબોધ કરાવવાને સમર્થ હોય તેને અક્ષરાત્મક શબ્દ કહે છે.**



અક્ષરાત્મક શબ્દ અ, આ, ઇ જેવા સ્વર અને ક,ખ,ગ જેવા વ્યંજનથી ચોક્કસ રીતે રચાયેલ હોય છે. તેથી અક્ષરાત્મક શબ્દ લિપિબદ્ધ થઇ શકે છે અને તેથી તેના દ્વારા શાસ્ત્રની રચના થઇ શકે છે અને તેથી તે લખવા-વાંચવામાં ઉપયોગી બને છે. સંસ્કૃત ભાષા, ગુર્જર ભાષા જેવી ભાષાના શબ્દો અક્ષરાત્મક શબ્દ છે.

**૧.૨. અનક્ષરાત્મક શબ્દ : જે ભાષાત્મક શબ્દ અર્થબોધ કરાવવાને સમર્થ ન હોય તેને અનક્ષરાત્મક શબ્દ કહે છે.**

અનક્ષરાત્મક શબ્દો ભાષાત્મક હોવાને કારણે તેનાથી બોલચાલનો વ્યવહાર થઇ શકે છે પણ તે અર્થબોધ કરાવી શકતા નથી અને લિપિબદ્ધ થઇ શકતા નથી અને તેથી લખવા-વાંચવામાં ઉપયોગી બનતા નથી. પશુ-પક્ષીઓની ભાષાના શબ્દો અનક્ષરાત્મક શબ્દ છે.

ભગવાનની દિવ્યધ્વનિ પણ અનક્ષરાત્મક શબ્દ છે પણ તે દેવકૃત અતિશયના કારણે શ્રોતાના કર્ણપ્રદેશ પાસે આવતાં શ્રોતાની ભાષામાં અક્ષરાત્મક બની જાય છે અને તેથી તે અર્થબોધ કરાવવામાં સમર્થ બને છે.

**૨. અભાષાત્મક શબ્દ : જે નિર્જીવ પદાર્થ દ્વારા ઉત્પન્ન થાય તેને અભાષાત્મક શબ્દ કહે છે.**

અભાષાત્મક શબ્દ સજીવ પદાર્થના મુખમાંથી ઉત્પન્ન થતા નથી અને નિર્જીવ પદાર્થની અથડામણથી ઉત્પન્ન થાય છે અને તેના વડે બોલચાલનો વ્યવહાર હોતો નથી. અભાષાત્મક શબ્દ બે પ્રકારના હોય છે– ૨.૧ પ્રાયોગિક અને ૨.૨. વૈસ્રસિક.

**૨.૧. પ્રાયોગિક શબ્દ : જે અભાષાત્મક શબ્દ પુરુષ એટલે કે આત્માના પ્રયોગથી એટલે કે નિમિત્તથી થાય તેને પ્રાયોગિક શબ્દ કહે છે.**

અભાષાત્મક શબ્દ નિર્જીવ પદાર્થની અથડામણથી થાય છે પણ આ અથડામણ કુદરતી ન હોય અને તેમાં જીવનું નિમિત્તપણું હોય તે પ્રાયોગિક શબ્દ છે. આ પ્રાયોગિક શબ્દ ચાર પ્રકારે છે. ૨.૧.૧. તત ૨.૧.૨. વિતત ૨.૧.૩ ઘન અને ૨.૧.૪ સુષિર.

૨.૧.૧. તત : ચામડાના ઢોલ, નગારાદિકથી ઉપજે તેવા પ્રાયોગિક શબ્દને તત કહે છે.

૨.૧.૨. વિતત : તારવાળી વિણા, સિતાર, તંબુરાદિકથી ઉપજે તેવા પ્રાયોગિક શબ્દને વિતત કહે છે.

૨.૧.૩. ઘન : ઘંટ, ઝાંઝ વગેરે વગાડવાથી ઉપજે તેવા પ્રાયોગિક શબ્દને ઘન કહે છે.


૨.૧.૪. સુષિર : વાંસળી, શરણાઇ, શંખાદિથી ઉપજે તેવા પ્રાયોગિક શબ્દને સુષિર કહે છે.

**૨.૨. વૈસ્રસિક શબ્દ : જે અભાષાત્મક શબ્દ પુરુષના પ્રયોગ વિના કુદરતી રીતે ઉત્પન્ન થાય તેને વૈસ્રસિક શબ્દ કહે છે.**

અભાષાત્મક શબ્દ નિર્જીવ પદાર્થની અથડામણથી થાય છે પણ આ અથડામણ કુદરતી હોય તો તેને વૈસ્રસિક શબ્દ કહે છે. જેમ કે– મેઘગર્જનાદિક.

શબ્દ એ પુદ્ગલ દ્રવ્યની ભાષાવર્ગણાની પર્યાય છે અને જીવથી તદ્દન ભિન્ન છે. જીવ પ્રશંષા કે નિંદારૂપ શબ્દને શ્રોત્રેન્દ્રિય દ્વારા સાંભળે છે. પ્રશંષાના શબ્દો સાંભળવાથી પોતાના કોઇ ગુણ વધી જતા નથી કે નિંદાના શબ્દો સાંભળવાથી પોતાના કોઇ ગુણ ઘટી જતા નથી. વળી આ શબ્દ એમ કહેતા નથી કે તું મને સાંભળ અને જીવ પણ પોતાના સ્વભાવને છોડીને તેને સાંભળવા જતો નથી. તેથી શબ્દે જીવને કાંઇપણ કહ્યું નથી. તેમ છતાં પ્રશંસાના શબ્દો સાંભળીને રાગ અને નિંદાના શબ્દો સાંભળીને આ જીવ દ્વેષ કરે છે તે તેનું અજ્ઞાન જ છે. શબ્દની અને જીવની વાસ્તવિક સ્થિતિને સમજતાં આ અજ્ઞાન અને તેના કારણે થતા રાગ-દ્વેષ ટળે છે.

## ૬. મન




**જેના દ્વારા સંકલ્પ-વિકલ્પાત્મક પરિણામ તથા વિચાર-ચિંતવન આદિરૂપ જ્ઞાનની અવસ્થા વિશેષ હોય છે તેને મન કહે છે.**

ચામડી, જીભ, નાક, આંખ, કાન એ પાંચ બાહ્ય ઇન્દ્રિય ઉપરાંત છઠ્ઠા મનને પણ એક અભ્યંતર ઇન્દ્રિય તરીકે માનવામાં આવી છે. હૃદયના સ્થાનમાં

આઠ પાંખડીના કમળના આકારરૂપ મન આવેલું છે. આ મન પૌદ્ગલિક મનોવર્ગણાથી રચાયેલું હોય છે. મનોવર્ગણા ખૂબ જ સૂક્ષ્મ હોવાથી તેનાથી રચાયેલ મન ઇન્દ્રિયગમ્ય હોતું નથી. આ મનને ૧. અંતઃકરણ કે ૨. અનિન્દ્રિય પણ કહે છે. તે આ રીતે–

**૧. અંતઃકરણ** : મન એ હૃદયના સ્થાનમાં આવેલ સૂક્ષ્મ મનોવર્ગણાથી બનેલ અંદરમાં આવેલી ઇન્દ્રિય છે અને તે ચક્ષુ આદિ ઇન્દ્રિયની જેમ બહારમાં આવેલી ઇન્દ્રિય નથી. વળી આ મનને પોતાના કાર્ય માટે કોઇ સ્પર્શાદિ બાહ્ય ઇન્દ્રિયની અપેક્ષા હોતી નથી. આ કારણે મન એ અર્થોપલબ્ધિ માટે આભ્યંતર ઇન્દ્રિય કે કરણ હોવાથી તેને અંતઃકરણ પણ કહે છે.

**૨. અનિન્દ્રિય** : મન એક આભ્યંતર ઇન્દ્રિય છે તેથી તેને અનિન્દ્રિય કહે છે.



**પ્રશ્ન : 'અનિન્દ્રિય' શબ્દ ઇન્દ્રિયનો અભાવ સૂચવનારો છે. તો પછી તેને ઇન્દ્રિયનો સદ્ભાવ બતાવનારા અર્થમાં કેમ વપરાય છે?**

**ઉત્તર** : અનિન્દ્રિય = અન્ + ઇન્દ્રિય. અહીં 'અન્' કે જે સંસ્કૃત નઞ ધાતુનો શબ્દ છે. અને તે સામાન્ય રીતે નિષેધ કે અભાવ સૂચવનારો હોય છે. પણ અહીં નિષેધના બદલે ઈષત્‌ના અર્થમાં છે. તેથી મનને અનિન્દ્રિયની જેમ ઇષત્ ઇન્દ્રિય કે નોઇન્દ્રિય પણ કહે છે. અહીં ઇષત્ કે નો એ અલ્પતા કે ગૌણતા સૂચક પૂર્વગ છે. આ રીતે અનિન્દ્રિય શબ્દ એ ઇન્દ્રિયની અલ્પતા કે ગૌણતા બતાવનારો છે, પણ તેનો અભાવ દર્શાવનારો નથી. જેમ અનુદરા કન્યા કહેતાં તેનો અર્થ ઉદર વિનાની કન્યા એવો થતો નથી પણ બીજી કન્યા જેવી ગર્ભધારણાદિને યોગ્ય નથી એવી નાની છોકરી જેવો અર્થ છે. તેમ અનિન્દ્રિયનો અર્થ ઇન્દ્રિયનો અભાવ નથી પણ બીજી બાહ્ય ઇન્દ્રિય જેવી વ્યક્તપણાને યોગ્ય નથી એવી અલ્પતા કે ગૌણતા સૂચક ઇન્દ્રિય જેવો અર્થ છે.

સ્પર્શાદિ બાહ્ય ઇન્દ્રિયો પોતપોતાના વિષયને જણાવે છે તેમ પણ પોતાના વિષયને જણાવે છે. તેથી મનને પણ ઇન્દ્રિયમાં ગણવી યોગ્ય છે.

**પ્રશ્ન : મન પણ સ્પર્શાદિ ઇન્દ્રિયોની જેમ પોતાના વિષયને જણાવે છે. તો પછી તેને સ્પર્શેન્દ્રિયની જેમ મનેન્દ્રિય જ માનવી જોઇએ, અનિન્દ્રિય શા માટે?**

**ઉત્તર** : આત્માના લિંગ કે ચિહ્નને ઇન્દ્રિય કહે છે. સ્પર્શાદિથી આત્મા લિંગિત કે ચિહ્નિત થઇ શકે છે. તેથી તેને ઇન્દ્રિય કહે છે. મન એ સૂક્ષ્મ, અવ્યક્ત અને અભ્યંતર હોવાથી તેના વડે આત્મા લિંગિત કે ચિહ્નિત થઇ શકતો નથી. તેથી તે રીતે તે ઇન્દ્રિય કહેવાતી નથી. પણ સ્પર્શાદિ બાહ્ય ઇન્દ્રિયોની જેમ તે પણ પોતાના વિષયને જણાવે છે અને તે રીતે તેને ઇન્દ્રિય પણ કહેવાય છે. બાહ્ય ઇન્દ્રિયો કરતાં આ આભ્યંતર ઇન્દ્રિયનું ઇન્દ્રિય તરીકે અલ્પપણું કે ગૌણપણું હોવાથી તેને અનિન્દ્રિય કહેવી યોગ્ય છે.

મનનો વિષય મૂર્ત પદાર્થ ઉપરાંત પોતાનો અમૂર્ત આત્મા પણ છે. તેથી મન દ્વારા મૂર્ત પદાર્થ ઉપરાંત પોતાના અમૂર્ત આત્માની પણ સમજણ થઇ શકે છે. આત્મહિત માટે પોતાના સ્વરૂપની સમજણ અને સ્વ-પરના વિવેકની જરૂર પડે છે જે મન દ્વારા જ શક્ય છે. મન સહિતનું પ્રાણી જ પોતાના સ્વરૂપની સારી રીતે સમજણ કરી શકતું હોવાથી તેને સંજ્ઞી કહે છે. અને આ સંજ્ઞી જ આત્મહિતનો અધિકારી છે. મન રહિત પ્રાણી પોતાના સ્વરૂપની કોઇ સમજણ કરી શકતું ન હોવાથી તેને અસંજ્ઞી કહે છે અને તેથી આ અસંજ્ઞી આત્મહિતનો અધિકારી નથી. આ મનના વિષયની શ્રેષ્ઠતા અને પૂર્ણતા મનુષ્યમાં હોય છે. તેથી આત્મહિતની શ્રેષ્ઠતા અને પૂર્ણતા પણ મનુષ્યમાં હોય છે. મનુષ્યના સંસાર અને મોક્ષનું કારણ તેનું મન જ હોય છે. આ મનનો દુરુપયોગ સાંસારિક બાબતોમાં વિષય-કષાય અને વેપાર-ધંધા જેવી સાંસારિક બાબતોમાં કરવાથી મિથ્યાત્વની દૃઢતા થાય છે અને તેના કારણે થતા સંકલ્પ-વિકલ્પનું ફળ સંસાર અને તેનું દુઃખ હોય છે. આ મનનો સદુપયોગ સ્વરૂપની સમજણ અને સ્વ-પરના વિવેક જેવી પારમાર્થિક બાબતોમાં કરવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે અને તેના કારણે થતા નિર્વિકલ્પ સ્વાનુભૂતિનું ફળ મોક્ષ અને તેનું સુખ હોય છે.

## ઈન્દ્રિયની અંચલિકા


સંસારી જીવોનો જેમાં સમાવેશ થાય છે તે ચૌદ પ્રકારના જીવ સમાસ મુખ્યત્વે પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠા મનના આધારે છે. મન સહિતના પ્રાણી સંજ્ઞી કહેવાય છે અને તે જ આત્મહિતના અધિકારી હોય છે. મનના વિષયની ઉત્કૃષ્ટતા મનુષ્યમાં છે. અને તેથી આત્મહિતની ઉત્કૃષ્ટતા પણ મનુષ્યમાં છે. મનનો વિષય પાંચ ઈન્દ્રિયોના વિષયો છે તેમ પોતાનો શુદ્ધાત્મા પણ છે. જો આ મનનો ઉપયોગ પાંચ ઈન્દ્રિયોના વિષયોની પ્રવૃત્તિમાં કરવાને બદલે પોતાના શુદ્ધાત્માની ઓળખાણ કરી તેમાં લીનતાની પ્રવૃત્તિમાં કરવામાં આવે તો સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીની પ્રાપ્તિ થાય છે. મુનિરાજ શ્રી યોગીન્દુદેવના શબ્દોમાં—

**જેમ રમતું મન વિષયમાં તેમ જો આતમે લીન;**
**શીઘ્ર મળે નિર્વાણપદ ધરે ન દેહ નવીન.**

**ભાવાર્થ :** હે યોગી ! જેવી રીતે તારું મન પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં રમે છે અને તેના કારણે તારે ફરી ફરી દેહ ધારણ કરી સંસારમાં રખડવું પડે છે. તેવી રીતે તે જ મન તારા આત્મામાં લીનતા પામે તો સંસારનો અભાવ કરાવનાર નિર્વાણ પદની શીઘ્ર પ્રાપ્તિ થાય તેમ આત્માનુભવી યોગીજનો કહે છે. (યોગસાર : દોહરો ૫૦)

## પર્યાપ્તિ

**જીવના જન્મ સમયે પુદ્‌ગલ પરમાણુઓનું ગ્રહણ કરી જીવન ધારણ કરવામાં ઉપયોગી વિશિષ્ટ પ્રકારની પૌદ્‌ગલિક શક્તિની પ્રાપ્તિ અને તેની પૂર્ણતાને પર્યાપ્તિ કહે છે.**




પર્યાપ્તિનો અર્થ વિશિષ્ટ પ્રકારની પૌદ્‌ગલિક શક્તિની પ્રાપ્તિ અને તેની પૂર્ણતા છે. જેમ કોઈ મકાન, ઘડો, વસ્ત્ર વગેરે પૂર્ણ અને અપૂર્ણ એમ બંને પ્રકારે હોય છે. તેમ જીવ પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બંને પ્રકારે હોય છે. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્‌વાસ, ભાષા અને મન એમ કુલ છ પ્રકારની પર્યાપ્તિ છે. પર્યાપ્તિ નામકર્મનાં ઉદય અનુસાર જીવને પોતપોતાની ચાર, પાંચ કે છ પર્યાપ્તિ હોય છે. એકેન્દ્રિય જીવને આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છ્‌વાસ એ પ્રથમ ચાર પર્યાપ્તિ હોય છે. દ્વિન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવને આ ચાર પર્યાપ્તિ ઉપરાંત પાંચમી ભાષા પર્યાપ્તિ પણ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવને સઘળી છયે પર્યાપ્તિ હોય છે. જીવે ગ્રહણ કરેલ પૌદ્‌ગલિક આહાર વર્ગણામાંથી આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિની, ભાષા વર્ગણામાંથી ભાષા પર્યાપ્તિની અને મનોવર્ગણામાંથી મનઃપર્યાપ્તિની રચના થાય છે. જીવના જન્મના પ્રથમ સમયથી જ પોતાને યોગ્ય સઘળી પર્યાપ્તિનો પ્રારંભ એક સાથે જ થાય છે. પણ તેની પૂર્ણતા ક્રમિક હોય છે. પર્યાપ્તિના તેના ક્રમ અનુસારના પ્રકાર નીચે મુજબ છે–

૧. આહાર પર્યાપ્તિ, ૨. શરીર પર્યાપ્તિ, ૩. ઇન્દ્રિય પર્યાપ્તિ, ૪. શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ, ૫. ભાષા પર્યાપ્તિ, ૬. મનઃપર્યાપ્તિ.

### ૧. આહાર પર્યાપ્તિ

**જીવ દ્વારા ગ્રહણ પામેલ આહાર વર્ગણાના પરમાણુઓને ખલ અને રસ ભાગરૂપ પરિણમાવવાની પૌદ્‌ગલિક શક્તિની પૂર્ણતાને આહાર પર્યાપ્તિ કહે છે.**

જીવ પોતાના મુખ દ્વારા જે આહાર ગ્રહણ કરે છે તે આહાર વર્ગણા છે. પરંતુ તે ઉપરાંત જીવના યોગના કારણે નોકર્મ પુદ્‌ગલોનું પણ નિરંતર ગ્રહણ ચાલું હોય છે. તે પણ આહાર વર્ગણા છે. આ આહાર વર્ગણામાંથી આહાર પર્યાપ્તિનું નિર્માણ થાય છે. જેમ તલને પીલવાથી તેનો ખલ(ખોળ) અને રસ(તેલ) એવા બે ભાગમાં પરિણમન થવાથી તેનું પીલાણ પૂરું થાય છે. તેમ આહાર વર્ગણાઓનું ગ્રહણ થઈ ખલ અને રસ ભાગમાં પરિણમન થવાથી આહાર પર્યાપ્તિ પૂરી થાય છે. આહાર પર્યાપ્તિ એ આહાર વર્ગણાના પરમાણુઓને ગ્રહણ કરી તેમને ખલ અને રસ ભાગમાં પરિણમાવવાની પૌદ્‌ગલિક શક્તિની પૂર્ણતા છે. કોઈપણ જીવની આહાર પર્યાપ્તિ સૌ પ્રથમ પૂરી થાય છે. આ પર્યાપ્તિ વડે જીવ પોતાના જીવન દરમ્યાન આહાર યોગ્ય પરમાણુઓનું ગ્રહણ, પરિણમન અને વિસર્જનની ક્ષમતા પ્રાપ્ત કરે છે.

## ૨. શરીર પર્યાપ્તિ

**શરીરના અંગ-ઉપાંગનું નિર્માણ કરવાની પૌદ્‌ગલિક શક્તિની પૂર્ણતાને શરીર પર્યાપ્તિ કહે છે.**

આહાર પર્યાપ્તિ દ્વારા જે આહાર વર્ગણાના પરમાણુઓનું ગ્રહણ કરી તેમને ખલ અને રસ ભાગરૂપ પરિણમાવ્યા હતા તેમાં ખલ ભાગમાંથી શરીરના હાડ વગેરે કઠિન દ્રવ્ય અને રસ ભાગમાંથી રૂધિર વગેરે તરલ દ્રવ્યરૂપ પરિણમનના કારણભૂત પૌદ્‌ગલિક શક્તિની પૂર્ણતા તે શરીર પર્યાપ્તિ છે. શરીર પર્યાપ્તિના કારણે સંસારી જીવનું ઔદારિક, વૈક્રિયિક અને આહારક એ ત્રણ પૈકીના શરીરનું નિર્માણ થાય છે.

## ૩. ઈન્દ્રિય પર્યાપ્તિ

**શરીરની સ્પર્શાદિ ઈન્દ્રિયની તેના સ્થાને રચના થઈ તેમના દ્વારા પોતાના વિષય ગ્રહણની પૌદ્‌ગલિક શક્તિની પૂર્ણતા તે ઈન્દ્રિય પર્યાપ્તિ છે.**

શરીરમાં ચામડી એ સ્પર્શેન્દ્રિય, જીભ એ રસનેન્દ્રિય, નાક એ ઘ્રાણેન્દ્રિય, આંખ એ ચક્ષુઈન્દ્રિય અને કાન એ શ્રોત્રેન્દ્રિય છે. આ ઇન્દ્રિયમાંની પોતાના યોગ્ય સ્થાને રચના થઇ તેમના દ્વારા પોતાના વિષયને ગ્રહણ કરવાની પૌદ્‌ગલિક શક્તિની પૂર્ણતા તે ઇન્દ્રિય પર્યાપ્તિ છે. જેટલી ઇન્દ્રિય હોય તે પ્રમાણે તે જીવને ઓળખવામાં આવે છે. એક માત્ર સ્પર્શેન્દ્રિય હોય તેને એકેન્દ્રિય અને તે રીતે ક્રમિકપણે દ્વિન્દ્રિય, ત્રિન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવ હોય છે.

## ૪. શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ

**શ્વાસના વાયુના ગ્રહણ અને ઉચ્છ્‌વાસના વાયુના ઉત્સર્જનની પૌદ્‌ગલિક શક્તિની પૂર્ણતાને શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ કહે છે.**

શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિના કારણે વાયુનું ઉપર-નીચે આવાગમન હોય છે. તેથી શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિને આનપાન પર્યાપ્તિ પણ કહે છે. ઘ્રાણેન્દ્રિય એટલે કે નાક હોય તેને જ શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ હોય એવું નથી. ઘ્રાણેન્દ્રિય વગરના એકેન્દ્રિય પ્રાણીને પણ શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ હોય છે. કોઇપણ પર્યાપ્ત જીવને શ્વાસોચ્છ્‌વાસ સુધીની પ્રથમ ચાર પર્યાપ્તિ અવશ્ય હોય છે. આ રીતે એકેન્દ્રિય પર્યાપ્ત જીવને પણ આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છ્‌વાસ એ પ્રથમ ચાર પર્યાપ્તિ હોય છે.

## ૫. ભાષા પર્યાપ્તિ

**ભાષા વર્ગણાના પરમાણુઓને ભાષારૂપ પરિણમવાના કારણભૂત પૌદ્‌ગલિક શક્તિની પૂર્ણતાને ભાષા પર્યાપ્તિ કહે છે.**

ભાષા પર્યાપ્તિના કારણે ભાષા યોગ્ય પરમાણુઓનું ગ્રહણ અને વિસર્જન થાય છે અને તેના પરિણામે અક્ષરાત્મક કે અનક્ષરાત્મક ભાષા નીપજે છે.

## ૬. મનઃપર્યાપ્તિ

**મનોવર્ગણાના પરમાણુઓને મનરૂપ પરિણમાવવાના કારણભૂત પૌદ્‌ગલિક શક્તિની પૂર્ણતાને મનઃપર્યાપ્તિ કહે છે.**

મનઃપર્યાપ્તિને કારણે મનોવર્ગણાના પરમાણુઓનું હૃદયના સ્થાને આઠ પાંખડીવાળા કમળના આકારના મનરૂપે નિર્માણ થાય છે. તેમ જ આ મન દ્વારા વિચારણા, તર્કણા અને મનન કરવા જેવી મનની શક્તિની પૂર્ણતા પણ થાય છે. મનઃપર્યાપ્તિ મનન યોગ્ય મનોવર્ગણાના પુદ્‌ગલોના ગ્રહણ અને ત્યાગમાં જીવનો સહયોગ કરે છે. મનવાળા પ્રાણી જ સમ્યક્ પ્રકારે જ્ઞાન કરવાના અધિકારી હોવાથી તેને સંજ્ઞી કહે છે. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત પ્રાણી જ સમ્યગ્દર્શનનો અધિકારી હોય છે.

### પર્યાપ્તિ પૂર્ણ થવાનો ક્રમ અને તેના પ્રકાર

છ પ્રકારની પર્યાપ્તિ પૈકી સૌપ્રથમ આહાર પર્યાપ્તિ પૂર્ણ થાય છે અને ત્યારપછી ક્રમિકપણે શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્‌વાસ, ભાષા અને મનની પર્યાપ્તિ પૂરી થાય છે. આ બધી પર્યાપ્તિઓ એક અંતર્મુહૂર્ત એટલે કે ૪૮ મિનિટથી ઓછા સમયમાં પૂર્ણ થાય છે. જે જીવની પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ હોય તેને પર્યાપ્તક અને તેવી પર્યાપ્તિ પૂર્ણ ન હોય તેને અપર્યાપ્તક કહે છે. અપર્યાપ્તક જીવ બે પ્રકારના છે- **૧. લબ્ધ અપર્યાપ્તક અને ૨. નિર્વૃત્તિ અપર્યાપ્તક.**

## ૧. લબ્ધ અપર્યાપ્તક

અપર્યાપ્તક જીવ પૈકી જે જીવની એક પણ પર્યાપ્તિ પૂરી થાય તે પહેલાં જ તે મરણ પામનારો હોય તેવા

અપર્યાપ્ત નામકર્મનો ઉદય ધરાવનાર પ્રાણીની અપર્યાપ્તિને લબ્ધ અપર્યાપ્તક કે લબ્ધ્યપર્યાપ્ત કહે છે. પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂરી કરવા જોઇતા સમય કરતાં ઓછું આયુષ્ય ધરાવનાર જીવ લબ્ધ અપર્યાપ્તક હોય છે. નિગોદનો જીવ લબ્ધ અપર્યાપ્તક છે. તે એક પણ પર્યાપ્તિ પૂરી થાય તે પહેલાં ઉચ્છ્વાસના અઢારમાં ભાગ જેટલા સમયમાં મરણ પામે તેવા ટૂંકા આયુષ્યનો હોય છે.




## ૨. નિર્વૃત્તિ અપર્યાપ્તક

અપર્યાપ્તક જીવ પૈકી જે જીવની શરીર પર્યાપ્તિ પૂરી થઇ નથી પણ તે ચોક્કસપણે નિયમથી પૂરી થવાની છે તેને નિર્વૃત્તિ અપર્યાપ્તક કે નિર્વૃત્યપર્યાપ્ત કહે છે. આવા જીવને પર્યાપ્ત નામકર્મનો ઉદય છે અને તેથી તેને યોગ્ય પર્યાપ્તિ પૂરી થવાની છે. નિર્વૃત્તિ અપર્યાપ્તકની અપર્યાપ્તિનો સમય ગાળો શરીર પર્યાપ્તિ પૂરી ન થાય ત્યાં સુધીનો ઘણો ટૂંકો હોય છે.

પર્યાપ્તિ એ સંસારી જીવના જીવન ધારણ માટે ઉપયોગી એવી પૌદ્ગલિક શક્તિ છે. જીવ જ્યારે એક સ્થૂળ શરીરને છોડીને બીજા સ્થૂળ શરીરને ધારણ કરે છે ત્યારે સમગ્ર જીવન માટે ઉપયોગી એવી વિશિષ્ટ પૌદ્ગલિક શક્તિને પ્રાપ્ત કરે છે. આ શક્તિના આધારે તે પોતાનું જીવન ટકાવે છે અને તે પર્યાપ્તિ છે.

**પ્રશ્ન :** સંસારીજીવની જીવનધારણાની શક્તિ તો તેના દશ પ્રકારના પ્રાણોને કારણે હોય છે તો પછી આ છ પર્યાપ્તિઓનું શું પ્રયોજન છે ?

**ઉત્તર :** સ્પર્શાદિ પાંચ ઇન્દ્રિયો, મન-વચન-કાયા એ ત્રણ બળો, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય મળીને કુલ દશ પ્રકારના પ્રાણો છે. સંસારીજીવ નિશ્ચયથી પોતાના જ્ઞાન-દર્શનરૂપ ચૈતન્યપ્રાણથી જીવતો હોવા છતાં વ્યવહારથી તે ચૈતન્ય પ્રાણ સાથે સંબંધિત આ દશ પ્રકારના પ્રાણ વડે જીવે છે. તેથી આ દશ પ્રકારના પ્રાણ એ સંસારી જીવની ચૈતન્ય શક્તિ છે અને પર્યાપ્તિ એ આ પ્રાણ સાથે સંબંધિત પૌદ્ગલિક શક્તિ છે. છ પ્રકારની પર્યાપ્તિના આધારે દશ પ્રકારના પ્રાણ પોતાનું કામ કરે છે. તેથી જે તે પર્યાપ્તિને જે તે પ્રાણ સાથે સુમેળ હોય છે.

**પ્રશ્ન :** જે તે પર્યાપ્તિને જે તે પ્રાણ સાથે સુમેળ કઇ રીતે છે ?

**ઉત્તર :** પર્યાપ્તિ એ પૌદ્ગલિક શક્તિ છે અને પ્રાણ તે ચૈતન્ય શક્તિ છે. સંસારી જીવની જીવનધારણની પ્રાણરૂપ ચૈતન્ય શક્તિ એ પર્યાપ્તિરૂપ પૌદ્ગલિક શક્તિ સાથે સંબંધિત છે. સંસારીજીવની જે તે પર્યાપ્તિ પૂરી થયે જ જે તે પ્રાણ પોતાનું કામ કરી શકે છે. આ કારણે પ્રાણનો સીધો સંબંધ પર્યાપ્તિ સાથે હોય છે અને તેથી જે તે પર્યાપ્તિ સાથે જે તે પ્રાણનો સુમેળ હોય છે. તે આ રીતે–


સંસારી જીવની આહાર પર્યાપ્તિના કારણે નોકર્મ વર્ગણાઓનું ગ્રહણ હોય છે. જ્યાં સુધી નોકર્મ વર્ગણાઓનું ગ્રહણ હોય છે ત્યાં સુધી જ આયુ પ્રાણ વડે જીવનું જીવન હોય છે. આહાર પર્યાપ્તિની સમાપ્તિ થતાં જ જીવના આયુષ્યની પણ સમાપ્તિ હોય છે અને તેથી તેનું મરણ થાય છે. તે આહાર પર્યાપ્તિ અને આયુ પ્રાણનો સુમેળ છે. તે જ રીતે શરીર પર્યાપ્તિને કાય બળ પ્રાણ સાથે, ઇન્દ્રિય પર્યાપ્તિને સ્પર્શાદિ ઇન્દ્રિય પ્રાણ સાથે, શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિને શ્વાસોચ્છ્વાસ પ્રાણ સાથે, ભાષા પર્યાપ્તિને વચન બળ પ્રાણ સાથે અને મનઃપર્યાપ્તિને મનોબળ પ્રાણ સાથે સુમેળ છે.

છયે પર્યાપ્તિની રચના અને કાર્ય કોઇ મકાનના ઉદાહરણ વડે સમજી શકાય છે.

મકાનના નિર્માતા પોતાનું નવું મકાન બનાવવા માટે સૌ પ્રથમ સીમેન્ટ, લોખંડ, કપચી જેવી સામગ્રી એકઠી કરી તેનું મકાન બનાવવા માટે યોગ્ય હોય તેની કોન્ક્રિટ જેવી સામગ્રીમાં પરિવર્તન કરે છે. તેમ સંસારી જીવ પોતાના નવા જીવનના નિર્માણ માટે સૌપ્રથમ આહાર વર્ગણા જેવા નોકર્મને ગ્રહણ કરી તેનું શરીર બનાવવા માટે યોગ્ય હોય તેવા ખલ અને રસ

ભાગમાં પરિવર્તન કરે છે તે આહાર પર્યાપ્તિ છે.

ત્યારપછી તે મકાન નિર્માતા તે કોન્ક્રિટ જેવી સામગ્રી વડે બીમ, કોલમ જેવા મકાનના મુખ્ય અને બારી-બારણાં જેવા ગૌણ ભાગોની રચના કરી પોતાને યોગ્ય ફ્લેટ, ટેનામેન્ટ કે બંગલા જેવા મકાનનું નિર્માણ કરે છે. તેમ સંસારી જીવ ખલભાગમાંથી હાડકા જેવા કઠોર ને રસ ભાગમાંથી રૂધિર જેવા કોમલ અંગ-ઉપાંગોની રચના કરી પોતાને યોગ્ય ઔદારિક, વૈક્રિયિક કે આહારક શરીરનું નિર્માણ કરે છે તે શરીર પર્યાપ્તિ છે.




મકાનની-રચના અને-કાર્યની જેમ છ પર્યાપ્તિની રચનાઅને કાર્ય દર્શાવતું ચિત્ર

મકાન નિર્માતાના મકાનમાં પ્રકાશ માટે બારી, હવાની અવરજવર માટે વેન્ટિલેશન અને આવાગમન માટે બારણાં હોય છે. તેમ સંસારી જીવના શરીરમાં સ્પર્શાદિ માટે ઇન્દ્રિય પર્યાપ્તિ, શ્વાસ અને ઉચ્છ્વાસ માટે શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ અને વચન વ્યવહાર માટે ભાષા પર્યાપ્તિ હોય છે.

નિર્માણ પામેલ મકાનનો સ્વાધ્યાય જેવા આત્મહિતના કાર્યો માટે સદુપયોગ થઇ શકે અને વિષયભોગની પ્રવૃતિ માટે દુરુપયોગ પણ થઇ શકે. મકાનનો કઇ રીતે ઉપયોગ કરવો તે મકાનનો વપરાશ કરનારની વિવેકબુદ્ધિ પર નિર્ભર છે તેમ નિર્માણ પામેલ શરીરનો આત્મહિતની પારમાર્થિક પ્રવૃત્તિ માટે સદુપયોગ થઇ શકે અને સંસાર સંબંધી લૌકિક પ્રવૃત્તિ માટે દુરુપયોગ પણ થઇ શકે. શરીરનો કઇ રીતે ઉપયોગ કરવો તે શરીરનાં અધિષ્ઠાતા એવા આત્માની વિવેક બુદ્ધિ પર નિર્ભર છે. આ વિવેક બુદ્ધિ મન:પર્યાપ્તિના કારણે હોય છે.


## પર્યાપ્તિની અંચાલક

સંસારી જીવની જીવન ધારણા કરવામાં ઉપયોગી વિશિષ્ટ પ્રકારની પૌદ્ગલિક શક્તિની પ્રાપ્તિ અને પૂર્ણતા તે પર્યાપ્તિ છે. છયે પ્રકારની પર્યાપ્તિની પ્રાપ્તિ અને પૂર્ણતા ધરાવનારા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત પ્રાણી જ મોક્ષમાર્ગની પ્રાપ્તિ અને પૂર્ણતા કરનારો હોય છે.

મનુષ્ય જીવનમાં છયે પ્રકારની પર્યાપ્તિની પ્રાપ્તિ અને પૂર્ણતા હોવાથી મોક્ષમાર્ગની પ્રાપ્તિ અને પૂર્ણતા સંભવે છે. પણ આ માટે મનુષ્ય જીવનમાં જેટલો પરિશ્રમ આજીવિકાની પ્રવૃત્તિ માટે કરવામાં આવે છે. તેટલો જ પરિશ્રમ પોતાના પરિપૂર્ણ સ્વભાવમાં સ્થિરતા માટે કરવો જરૂરી છે. અને જો આમ કરવામાં આવે તો અનાદિકાળના સંસારના દુઃખોનો અંત આવી મોક્ષદશાના સ્વાભાવિક શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. આચાર્યશ્રી અમિતગતિના શબ્દોમાં-

(માલિની)

**असिमसिकृषिविद्या, शिल्पवाणिज्ययोगैः ।**<br>
**तनुधनसुतहेतोः, कर्म यादृक् करोषि ।।**<br>
**सकृदपी यदि तादृक्, संयमार्थ विधसे ।**<br>
**सुखममलमनंत, किं तदा नाऽश्नुषेऽलं ।।**




છ પર્યાપ્તિ પ્રાપ્ત મનુષ્ય છ પ્રકારની ૧. અસિ, ૨. મસિ, ૩. કૃષિ, ૪. વિદ્યા, ૫. શિલ્પ અને ૬. વાણિજ્ય જેવી પ્રવૃતિમાં જેવો પરિશ્રમ કરે છે તેવો જ પરિશ્રમ પોતાના સ્વરૂપની સ્થિરતા માટે કરે તો સંસારના પરિભ્રમણનો અભાવ થઈ શાશ્વત સુખની સિદ્ધદશાની પ્રપ્તિ થાય તે દર્શાવતું ચિત્ર

**ભાવાર્થ :** હે મૂઢ મનુષ્ય ! તું શરીર, ધન, પુત્ર માટે અસિ, મસિ, કૃષિ, વિદ્યા, શિલ્પ કે વાણિજ્ય જેવી આજીવિકાની પ્રવૃત્તિમાં જેટલો પરિશ્રમ કરે છે તેટલો પણ પરિશ્રમ તું સ્વરૂપ સ્થિરતારૂપ આત્મસંયમ માટે કર અને જો તને નિર્મળ-અનંત સુખની પ્રાપ્તિ થાય છે કે નહિ ? (એટલે કે તે સુખની જરૂર પ્રાપ્તિ થાય છે) (બૃહત્ સામાયિક પાઠ : શ્લોક નં. ૬૬)

# ચૌદ જીવસમાસ

**ઈન્દ્રિય અને પર્યાપ્તિના રહેઠાણના સ્થાનના આધારે સમસ્ત સંસારી જીવોને સંક્ષેપમાં ચૌદ પ્રકારે બતાવવાની વિધિને ચૌદ જીવ સમાસ કહે છે.**

સ્પર્શાદિ પાંચ પ્રકારની ઇંન્દ્રિયોને આધારે સંસારીજીવ પાંચ પ્રકારના છે. ૧. એકેન્દ્રિય, ૨. દ્વીન્દ્રિય, ૩. ત્રિન્દ્રિય, ૪. ચતુરિન્દ્રિય અને ૫. પંચેન્દ્રિય. આમાં એકેન્દ્રિય જીવ સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારે તેમજ પંચેન્દ્રિય જીવ પણ અસંજ્ઞી અને સંજ્ઞી એમ બે પ્રકારે છે. તેથી ઇંન્દ્રિયના આધારે કુલ સાત પ્રકારના જીવો હોય છે. ૧. સૂક્ષ્મ એકેન્દ્રિય, ૨. બાદર એકેન્દ્રિય, ૩. દ્વિન્દ્રિય, ૪. ત્રીન્દ્રિય, ૫. ચતુરિન્દ્રિય, ૬. અસંજ્ઞી પંચેન્દ્રિય અને ૭. સંજ્ઞી પંચેન્દ્રિય. પર્યાપ્તિના આધારે આ સાતેય પ્રકારના જીવો અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ બંને પ્રકારે હોય છે. આ રીતે ઈન્દ્રિય અને પર્યાપ્તિના આધારે કુલ ચૌદ પ્રકારના જીવો હોય છે. સમસ્ત સંસારી જીવોનો આ ચૌદ પ્રકારમાં સમાસ થાય છે, તેથી તેને ચૌદ જીવ સમાસ કહે છે. વળી આ ચૌદ પ્રકાર જ સંસારી જીવના રહેઠાણના સ્થાન છે તેથી તે ચૌદ જીવસ્થાન તરીકે પણ ઓળખાય છે. આ ચૌદ જીવસ્થાન કે જીવ સમાસ નીચે મુજબ છે–

૧,૨. સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત

૩,૪. બાદર એકેન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત

૫,૬. દ્વીન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત

૭,૮. ત્રીન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત

૯,૧૦. ચતુરિન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત

૧૧,૧૨. અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત

૧૩,૧૪. સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત

**૧.૨.૩.૪. સૂક્ષ્મ અને બાદર એકેન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત**

**જેમને એક માત્ર સ્પર્શેન્દ્રિય છે તેવા જીવોને એકેન્દ્રિય કહે છે.**

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના એકેન્દ્રિય જીવોને સ્થાવર કહે છે. વનસ્પતિકાયના જીવો બે પ્રકારે છે– સાધારણ અને પ્રત્યેક. સાધારણ વનસ્પતિકાયના જીવો અનંતકાયના હોવાથી નિગોદના જીવ છે. આ નિગોદના એકેન્દ્રિય જીવો સૂક્ષ્મ અને બાદર એમ બંને પ્રકારના હોય છે. જે જીવ બીજાથી બાધિત થતા નથી અને ગમે ત્યાંથી પસાર થઇ શકે છે તેને સૂક્ષ્મ કહે છે અને જે જીવો બીજાથી બાધિત થાય છે તેને બાદર કહે છે. સૂક્ષ્મ નિગોદના જીવો સંપૂર્ણ લોકમાં ઠસાઠસ ભરેલાં છે. બટાકા ડુંગળી જેવા કંદમૂળનાં જીવો બાદર નિગોદનાં છે. આ બધા નિગોદનાં જીવો અપર્યાપ્ત જ હોય છે. તેઓનું આયુષ્ય ઉચ્છ્વાસના અઢારમા ભાગ જેટલું હોવાથી તેઓ કોઇપણ પર્યાપ્તિ પૂરી થતા પેહલાં જ મરણ પામે છે અને તેથી તેઓ લબ્ધિ અપર્યાપ્તક હોય છે.



પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના એકેન્દ્રિય સ્થાવર જીવો સૂક્ષ્મ અને બાદર એમ બંને પ્રકારે હોય છે. પ્રત્યેક વનસ્પતિકાયના એકેન્દ્રિય સ્થાવર જીવો બાદર પ્રકારના જ હોય છે. આ બધા સ્થાવર એકેન્દ્રિય જીવો અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ બંને પ્રકારે હોય છે.


**૫. ૬. દ્વીન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત**



**જે જીવોને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય એવી બે ઈન્દ્રિયો છે તેને દ્વીન્દ્રિય જીવ કહે છે.**

અળસિયા, શંખ, છીપ, વાળો, કાષ્ટકીડા, મામણમૂંડા કોડાકોડી વગેરે દ્વીન્દ્રિય જીવો છે. આ જીવો અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ બંને પ્રકારે હોય છે.

**૭. ૮. ત્રીન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત**



**જે જીવોને સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય એવી ત્રણ ઈન્દ્રિય છે તેને ત્રીન્દ્રિય જીવ કહે છે.**

માંકડ, જૂ, ઇયળ, ગીંગોડા, ગોકળગાય, મંકોડા, ઊધઇ વગેરે ત્રીન્દ્રિય જીવો છે. આ જીવો અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ બંને પ્રકારે હોય છે.


### ૯. ૧૦. ચતુરિન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત



જે જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય એવી ચાર ઈન્દ્રિયો છે તેને **ચતુરિન્દ્રિય જીવ કહે છે.**

પતંગિયા, માખી, કરોળિયો, વીંછી, વાંદો, તીડ, મચ્છર, ભમરો વગેરે ચતુરિન્દ્રિય જીવો છે. આ જીવો અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ બંને પ્રકારે હોય છે.


### ૧૧. ૧૨. અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત



જે જીવને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુ ઈન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ પાંચેય ઈન્દ્રિયો છે તેને **પંચેન્દ્રિય જીવ કહે છે. આ પંચેન્દ્રિયમાં મન વગરનાને અસંજ્ઞી પંચેન્દ્રિય કહે છે.**

અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના પ્રાણીનો જન્મ સંમૂર્ચ્છન પ્રકારનો હોય છે. તેઓ નર-માદાના સંયોગ વગર પાણી, માટી વગેરે સાનુકૂળ પદાર્થના સંયોગથી ઉત્પન્ન થાય છે. આ રીતે ઉત્પન્ન થતા દેડકા, સર્પ, માછલી જેવા જીવો અસંજ્ઞી પંચેન્દ્રિય હોય છે. તેઓ અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ બંને પ્રકારે હોય છે.

### ૧૩.૧૪. સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત અને પર્યાપ્ત




જે જીવોને સ્પર્શાદિ પાંચેય ઈન્દ્રિયો ઉપરાંત મન પણ હોય છે તેમને **સંજ્ઞી પંચેન્દ્રિય કહે છે.**

નર-માદાના સંયોગથી ઉત્પન્ન થતા ગર્ભજ જન્મવાળા ગાય, ભેંસ, હાથી જેવા તિર્યંચ પશુઓ સંજ્ઞી પંચેન્દ્રિય છે. આ ઉપરાંત બધા પ્રકારના મનુષ્ય, નારકી અને દેવના જીવો સંજ્ઞી પંચેન્દ્રિય છે. આ બધા જીવો અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ બંને પ્રકારે હોય છે.

### ઉપસંહાર

ઇન્દ્રિયો અને પર્યાપ્તિના આધારે સંસારીજીવના ચૌદ પ્રકારના ભેદને ચૌદ જીવસ્થાન કે જીવસમાસ કહે છે. જીવસમાસ એટલે સંસારી જીવના સમાસનું અર્થાત્ રહેઠાણનું સ્થાન છે. નિશ્ચયથી જીવ પોતાના અસંખ્ય પ્રદેશમાં રહેતો હોવા છતાં વ્યવહારથી તે આ ચૌદ પ્રકારના જીવસમાસમાં રહે છે. આ ચૌદ જીવ સમાસમાં સમાવિષ્ટ સંસારીજીવ નિરંતર અનેક પ્રકારના દુઃખોને ભોગવે છે. તેથી આ સંસાર અસાર છે. આ સંસાર અને તેના દુઃખોનું કારણ જીવની સંસાર અવસ્થા એટલે તેનો અશુદ્ધ યોગ અને ઉપયોગ છે. જો તે પોતાના અશુદ્ધ યોગ-ઉપયોગને છોડે તો જ તે પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ નિજ ઘરમાં આવે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ નિજઘરનાં વસવાટથી અનંત દુઃખોનો અભાવ થઇ સાચા સુખની પ્રાપ્તિ થાય. આ રીતે પોતાના નિજ ઘરનો નિવાસ એ જ સાચું જીવસ્થાન કે જીવસમાસ છે અને તે જ જીવસમાસના સ્વરૂપને સમજવાનું ફળ છે. જીવ સમાસના સ્વરૂપને સમજવાના ફળને દર્શાવતા કવિશ્રી પ્રેમચંદ જૈન કહે છે–

**यह संसार असार सदा इसमें दुःख पाता ।**
**मुक्त होय उपयोग योग से निज घर आता ।।**



**ભાવાર્થ :** સંસારી જીવના સઘળાં ચૌદ પ્રકારના જીવ સમાસ નિરંતર દુઃખમય છે, તેથી આ સંસાર અસાર છે. આ દુઃખોનું મૂળ કારણ જીવનો સંસાર એટલે પોતાના નિજ સ્વરૂપમાંથી છૂટી ગયેલો અશુદ્ધ યોગ અને ઉપયોગ છે. તેથી તે પોતાના અશુદ્ધ યોગ અને ઉપયોગને છોડે તો જ પોતાના નિજઘરમાં આવી શકે છે. તેથી સંસાર



અને તેના દુઃખોનો અભાવ થઈ મોક્ષ અને તેના સુખની પ્રાપ્તિ થાય છે. (કવિશ્રી પ્રેમચંદ જૈન 'શાસ્ત્રી'કૃત સંસાર ભાવનામાંથી)

## સંદર્ભ ગ્રંથો

**પ્રાસ્તાવિક** ૧. ઇષ્ટોપદેશ : ગાથા ૧૨

**જીવ સમાસ** ૧. ધવલ : ૧/૧,૧,૨/૧૩૧/૨; ૧/૧,૧,૮/૧૬૦/૬; • ૨. પંચસંગ્રહ : પ્રાકૃત : ૧/૩૨; • ૩. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૭૦ • ૪. જૈન સિદ્ધાંત પ્રવેશિકા : પ્રશ્ન : ૪૩૦; • ૫. જૈ. સિ. કોશ : ભાગ ૨ : પાનું ૪૩૧.

**ઇન્દ્રિય** ૧. પંચસંગ્રહ : પ્રાકૃત : ૧/૬૫; • ૨. પંચાસ્તિકાય સંગ્રહ : ગાથા ૯૯; • ૩. તત્ત્વાર્થ સૂત્ર : ૨/૧૫, ૧૬, ૧૯; • ૪. સમયસાર : ગાથા ૩૭૩ થી ૩૭૫; • ૫. જૈ. સિ. કોશ : ભાગ ૧ : ઇન્દ્રિય : ૧/૧, પાનું ૩૦૧; ભાગ ૩ : મૂર્ત : પાનું ૩૧૬;

**૧. સ્પર્શેન્દ્રિય** ૧. તત્ત્વાર્થ સૂત્ર : અ. ૫ સૂત્ર ૨૩ અને તેની ટીકા; • ૨. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૮૮૫ની ટીકા; • ૩. પરમાત્મપ્રકાશ : ૧/૧૯; • ૪. જૈ. સિ. કોશ : ભાગ ૪ : સ્પર્શ : ૧/૪, પાનું ૪૭૪.

**૨. રસનેન્દ્રિય** ૧. ષટ્ખંડાગમ : ૯/૧, ૯-૧/સૂત્ર ૩૯/ ૭૫; ૧૩/૫, ૫/સૂત્ર ૧૧૨/૩૭૦; • ૨. સર્વાર્થસિદ્ધિ : ૮/૧૧/૩૯૦/૧૦; ૫/૨૩/૨૯૩/૧૨. • ૩. ગોમ્મટ સાર : જીવકાંડ : ગાથા ૪૭૯ની ટીકા; • ૪. ભગવતી આરાધના : ગાથા ૨૧૫; • ૫. અનાગાર ધર્મામૃત : ૭/૨૭; • ૬. મૂલાચાર : ગાથા ૩૫૨, ૩૮૮, ૩૮૯; • ૭. તત્ત્વાર્થ સાર : ૯/૧૧; • ૮. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૪૪૬; • ૯. જૈ. સિ. કોશ : ભાગ : ૩ : રસ, પાનું ૩૯૨, રસ પરિત્યાગ : પાનું ૩૯૩; ભાગ : ૪ : સંયમ : પાનું ૧૩૯.

**૩. ઘ્રાણેન્દ્રિય** ૧. તત્ત્વાર્થ સૂત્ર : ૫/૨૩; • ૨. પરમાત્મ પ્રકાશ : અ. ૧ ગા. ૨૧ની ટીકા; • ૩. ગોમ્મટ સાર : જીવકાંડ : ગાથા ૪૭૯ની ટીકા; • ૪. જૈ. સિ. કોશ : ભાગ ૨ : ગંધ પાનું ૨૧૦.

**૪. ચક્ષુરિન્દ્રિય** ૧. ષટ્ખંડાગમ : ૬/૧, ૯-૧/ સૂત્ર ૩૭/૭૪; ૧૩/૫/સૂત્ર ૧૧૦/૩૭૦; • ૨. સર્વાર્થસિદ્ધિ : ૫/૨૩/૨૯૪/૨; ૮/૧૧/૩૯૦/૧૨; • ૩. જૈ. સિ. કોશ : ભાગ ૩ : વર્ણ, પાનું ૫૧૯; • ૪. ત્રિલોકસાર : ગાથા ૩૮૯-૩૯૦-૩૯૧.

**૫. શ્રોત્રેન્દ્રિય** ૧. તત્ત્વાર્થ સૂત્ર : ૫/૨૪; • ૨. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૩૧૫ની ટીકા; • ૩. પંચાસ્તિકાય : ગાથા ૭૯ની તાત્પર્ય વૃત્તિની ટીકા • ૪. જૈ. સિ. કોશ : ભાગ ૩ઃ ભાષા : પાનું ૨૨૬.

**૬. મન** ૧. જૈ. સિ. કોશઃ ભાગ ૩ : મન : પ્રસ્તાવના : પાનું ૨૬૯; • ૨. ધવલ : ૧/૧, ૩૫/૨૬૦/૫; • ૩. સર્વાર્થસિદ્ધિ : ૧/૧૪/૧૦૯/૩, ૮; • ૪. ગોમ્મટ સાર : જીવકાંડ : ગાથા ૪૪૪.

**ઇન્દ્રિયની અંચલિકા** ૧. યોગસાર : દોહરો ૫૦.

**પર્યાપ્તિ** : ૧. ગોમ્મટસાર : જીવકાંડ : પર્યાપ્તિ અધિકાર : ગાથા ૧૧૮ થી ૧૨૮; • ૨. જૈન સિદ્ધાંત પ્રવેશિકા : પ્રશ્ન ૨૦૧ થી ૨૦૪; • ૩. ધવલ : ૧/૧,૧,૩૪/૨૫૪/૬૯; ૧/૧,૧,૭૦/૩૧૧/૯; ૧/૧,૧,૩૪/૨૫૬-૨૫૭/૨; • ૪. મૂલાચાર : ગાથા ૧૦૪૫ • ૫. બોધ પાહુડ : ગાથા ૩૪; • ૬. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૧૩૪, ૧૩૫, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧; • ૭. જૈ. સિ. કોશ : ભાગ ૩ : પર્યાપ્તિ : પાનું ૪૦, ૪૧, ૪૨, ૪૩; • ૮. જૈન તત્ત્વ વિદ્યા : પાનું ૨૮૪ થી ૨૮૭;

**પર્યાપ્તિની અંચલિકા** ૧. અમિતગતિ આચાર્યકૃત બૃહત્ સામાયિક પાઠ : શ્લોક નં. ૬૬.

**ચૌદ જીવ સમાસ** : ૧. ષટ્ખંડાગમ : ૧/૧,૧/સૂત્ર ૩૩-૩૫/૨૩૧; • ૨. પંચ સંગ્રહ : પ્રાકૃત : ૧/૩૪; • ૩. તત્ત્વાર્થ રાજવાર્તિક : ૯/૫/૪/૫૯૪/૭; • ૪. ધવલ : ૨/૧૧/૪૧૬/૧; • ૫. સમયસાર : ગાથા ૫૦-૫૫ની આત્મખ્યાતિ ટીકા; • ૬. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૭૨; • ૭. જૈ. સિ. કોશ : ભાગ ૨ : જીવ સમાસ : પાનું ૩૪૨.

**ઉપસંહાર** : ૧. બૃહદ દ્રવ્ય સંગ્રહ : ગાથા ૧૨ની ટીકા; • ૨. કવિશ્રી [illegible] જૈન 'શાસ્ત્રી' કૃત સંસાર ભાવના.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમા દર્શાવો.**

**૧. જીવ સમાસના ચૌદ પ્રકાર કોના આધારે છે ?** ૧. ☐
A. ઇન્દ્રિય અને પર્યાપ્તિ
B. ગુણસ્થાન અને માર્ગણા સ્થાન
C. ત્રસ નામકર્મ અને સ્થાવર નામકર્મ
D. જ્ઞાની અને અજ્ઞાની

**૨. પુદ્‌ગલ દ્રવ્યનાં સ્પર્શની એક સાથે કેટલી અવસ્થાઓ હોય છે ?** ૨. ☐
A. આઠ B. ચાર C. બે D. એક

**૩. સ્પર્શેન્દ્રિયના જીતનારાને શું કહેવાય છે ?** ૩. ☐
A. જિતેન્દ્રિય B. બ્રહ્મચારી
C. કામવિજયી D. સંયમી

**૪. કઇ બે ઇન્દ્રિયના દોષથી આ જીવ સંસારના દુઃખોને ભોગવે છે ?** ૪. ☐
A. આંખ અને કાન B. મન અને હૃદય
C. જીભ અને જનનેન્દ્રિય
D. સ્પર્શેન્દ્રિય અને અનિન્દ્રિય

**૫. કોની ઘ્રાણેન્દ્રિય સતેજ હોય છે ?** ૫. ☐
A. સ્વર્ગના દેવની B. મનુષ્યની
C. હાથીની D. કૂતરાની

**૬. ચક્ષુરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય કોને હોય છે ?** ૬. ☐
A. તીર્થંકરને B. ગણધરને
C. બાજ પક્ષીને D. ચક્રવર્તીને

**૭. ભગવાનની દિવ્યધ્વનિ ક્યા પ્રકારનો શબ્દ છે ?** ૭. ☐
A. ૐ B. અક્ષરાત્મક
C. અનક્ષરાત્મક D. અભાષાત્મક

**૮. મનને શું કહી શકાતું નથી ?** ૮. ☐
A. આભ્યંતર ઇન્દ્રિય B. બાહ્ય ઇન્દ્રિય
C. અંતઃકરણ D. અનિન્દ્રિય

૯. **મનનો વિષય શું નથી ?** ૯. ☐
A. પોતાનો અમૂર્ત આત્મા B. બીજાનો અમૂર્ત આત્મા
C. સંકલ્પ–વિકલ્પ D. વિચાર–ચિંતવન

૧૦. **મનનો સાચો ઉપયોગ શેમાં છે ?** ૧૦. ☐
A. સ્વરૂપની સમજણ અને સ્વ–પરનો વિવેક
B. વિષય અને કષાય C. ધંધો અને વેપાર
D. ભોગ અને ઉપભોગ

૧૧. **મનનાં વિષયની ઉત્કૃષ્ટતા કોનામાં હોય છે ?** ૧૧. ☐
A. મનુષ્ય B. તિર્યંચ C. નારકી D. દેવ

૧૨. **પર્યાપ્તિ શું છે ?** ૧૨. ☐
A. વિશિષ્ટપ્રકારની જૈવિકશક્તિની પ્રાપ્તિ અને પૂર્ણતા
B. વિશિષ્ટપ્રકારની પૌદ્‌ગલિકશક્તિની પ્રાપ્તિ અને પૂર્ણતા
C. સંસારી જીવની જીવનધારણ શક્તિ
D. સંસારી જીવના શરીરને ઉપયોગી સામગ્રી

૧૩. **સંસારી જીવ આહાર વર્ગણાનું ગ્રહણ ક્યારે કરે છે?** ૧૩. ☐
A. આહાર ગ્રહણ કરતી સમયે B. નિરંતર
C. આહાર પર્યાપ્તિના નિર્માણ સમયે
D. જરૂરિયાત મુજબ અમુક અમુક સમયે

૧૪. **શરીર પર્યાપ્તિના કારણે જીવના ક્યા પ્રકારના શરીરનું નિર્માણ થતું નથી ?** ૧૪. ☐
A. ઔદારિક B. આહારક C. કાર્માણ D. વૈક્રિયિક

૧૫. **શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિનું બીજું નામ શું છે ?** ૧૫. ☐
A. નાક B. ઘ્રાણેન્દ્રિય C. પ્રાણાયામ D. આનપાન

૧૬. **મન ધરાવનાર પ્રાણીને શું કહેવાય છે ?** ૧૬. ☐
A. મનુ B. મનુષ્ય C. બુદ્ધિશાળી D. સંજ્ઞી

૧૭. **બધા પ્રકારની પર્યાપ્તિઓ પૂર્ણ થતા કુલ કેટલો સમય જોઇએ ?** ૧૭. ☐
A. એક સમય B. એક મુહૂર્ત
C. અંતર્મુહૂર્ત D. સમગ્ર જીવનકાળ

૧૮. **નિર્વૃત્તિ અપર્યાપ્તક જીવ કોને કહે છે ?** ૧૮. ☐
A. જેની એકેય પર્યાપ્તિ પૂરી થઇ નથી અને થવાની પણ નથી તેને
B. જેની શરીરપર્યાપ્તિ પૂરી થઇ નથી પણ થવાની છે તેને
C. જેની આહાર અને શરીર પર્યાપ્તિ પૂરી થઇ છે પણ બીજીપર્યાપ્તિઓ પૂરી થવાની બાકી છે તેને
D. જેને અપર્યાપ્ત નામકર્મનો ઉદય છે તેને

૧૯. **નિગોદનો જીવ ક્યા પ્રકારનો હોતો નથી ?** ૧૯. ☐
A. અપર્યાપ્ત B. પર્યાપ્ત
C. સાધારણ વનસ્પતિકાય D. બાદર

૨૦. **સાચો જીવ સમાસ શું છે ?** ૨૦. ☐
A. પોતાના નિજસ્વરૂપનો નિવાસ
B. ચૌદ પ્રકારના જીવનો સમાસ
C. ઈન્દ્રિય અને પર્યાપ્તિના આધારે જીવનું વર્ગીકરણ
D. જીવના પોતાના અસંખ્ય પ્રદેશ

## સૈદ્ધાંતિક પ્રશ્નો

### નીચેના પ્રશ્નો એક કે બે વાકયોમાં ટૂંકા જવાબ આપો.

૧. સંસારી જીવોના ભેદ મુખ્યત્વે કઇ બે અપેક્ષાએ હોય છે ?
૨. ઇન્દ્રિય એટલે શું ? તેના નામ આપો.
૩. સ્પર્શેન્દ્રિય એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૪. પૌદ્‌ગલિક સ્પર્શગુણની અવસ્થાનું સ્વરૂપ જણાવો.
૫. રસનેન્દ્રિય એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૬. પૌદ્‌ગલિક રસગુણની અવસ્થાનું સ્વરૂપ જણાવો.
૭. ઘ્રાણેન્દ્રિય એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૮. પૌદ્‌ગલિક ગંધ ગુણની અવસ્થાનું સ્વરૂપ જણાવો.
૯. ચક્ષુરિન્દ્રિય એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૧૦. પૌદ્‌ગલિક વર્ણગુણની અવસ્થાનું સ્વરૂપ જણાવો.
૧૧. શ્રોત્રેન્દ્રિય એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.

### નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. સંસારી જીવના જુદી જુદી અપેક્ષાએ જુદા જુદા ભેદ જણાવો.
૨. શા માટે સંસારીજીવ કયારેય સમસ્યા વિનાનો હોતો નથી ?
૩. સંસારી જીવોના દુ:ખો દર્શાવવા માટે તેનો સૌ પ્રથમ ભેદ કઇ અપેક્ષાએ અને શા માટે ?
૪. પૌદ્‌ગલિક શબ્દ અને ચૈતન્યમય જીવની વાસ્તવિક સ્થિતિ અને તે સમજવાનું ફળ શું છે ?
૫. મન એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૬. મનને અંતઃકરણ કઇ રીતે કહી શકાય છે ?
૭. મનને અનિન્દ્રિય કઇ રીતે કહી શકાય છે ?
૮. પર્યાપ્તિ એટલે શું ? તેના નામ આપો.
૯. આહાર પર્યાપ્તિ એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૧૦. શરીર પર્યાપ્તિ એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૧૧. ઇન્દ્રિય પર્યાપ્તિ એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૧૨. શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૧૩. ભાષા પર્યાપ્તિ એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૧૪. મનઃપર્યાપ્તિ એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૧૫. અપર્યાપ્તિ એટલે શું ? તેના પ્રકાર વર્ણવો.
૧૬. પર્યાપ્તિ અને પ્રાણ વચ્ચે શો ભેદ છે ?
૧૭. પર્યાપ્તિનો પ્રાણ સાથેનો સુમેળ કઇ રીતે છે ?
૧૮. ચૌદ જીવ સમાસ એટલે શું ? તેના નામ આપો.
૧૯. સૂક્ષ્મ અને બાદર એકેન્દ્રિય એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૨૦. દ્વીન્દ્રિય એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૨૧. ત્રીન્દ્રિય એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૨૨. ચતુરિન્દ્રિય એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૨૩ અસંજ્ઞી પંચેન્દ્રિય એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૨૪. સંજ્ઞી પંચેન્દ્રિય એટલે શું ? તેનું સ્વરૂપ જણાવો.
૨૫. જીવ સમાસના સ્વરૂપને સમજવાનું ફળ શું છે ?

## વિદ્યાર્થીઓની જુથપ્રવૃત્તિ

૧. ઈન્દ્રિય, પર્યાપ્તિ કે ચૌદ જીવસમાસ પૈકી કોઈ એકનો પ્રોજેક્ટ તૈયાર કરો.